પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-10-2024 Morning : 7.10 to 7.20

Day: MONDAY Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

1) ગુજરાત અને દિલ્હી પોલિસના સંયુક્ત ઓપરેશનમાં અંકલેશ્વરની એક કંપનીમાંથી પાંચ હજાર કરોડનો 518 કિલોગ્રામ માદક પદાર્થનો જથ્થો ઝડપી પડાયો.
2) ભરૂચમાં વિજળી પડવાની બે અલગ અલગ ઘટનાઓમાં ચાર લોકોના મોત જ્યારે દાઝેલા પાંચ સારવાર હેઠળ
3) રાજયમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ.. રાજકોટમાં ભાદર-2 અને મોરબીના મચ્છુ-2 ડેમના દરવાજા ખોલાયા
4) આજે ઇ વેસ્ટ વ્યવસ્થાપન દિવસની ઉજવણી વચ્ચે રાજ્યમાં 13 માર્ગોની સુધારણા કરવામાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરવા રાજ્ય સરકારનો નિર્ણય
5) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે બે હજાર કરોડથી વધુના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## ANKLESHWAR DRUGS SEIZED

ભરૂચના અંકલેશ્વરમાંથી ગુજરાત પોલીસ અને દિલ્હી પોલીસના સંયુક્ત ઓપરેશનને કારણે પાંચ હજાર કરોડના 519 કિલોગ્રામ માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

સંયુક્ત કાર્યવાહી દરમિયાન ગઈકાલે મોડીરાત્રે ગુજરાતના અંકલેશ્વરમાં એક કંપનીમાંથી આ માદક પદાર્થ પકડાયો હતો.

પોલીસે કંપનીના ત્રણ ડિરેક્ટર, એક સુપરવાઇઝર અને એક દલાલ સહીત પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા આ તમામને અંકલેશ્વર પોલીસ સ્ટેશનમાંથી સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ માટે લઇ જવાયા હતા.

આ પહેલા આ મહિનાની પેહલી તારીખે દિલ્હી પોલીસના વિશેષ કોષે મહિપાલપુરના એક ગોડાઉનમાં દરોડા પાડીને 602 કિલો માદક પદાર્થ પકડ્યો હતો. આ મામલાની તપાસ દરમિયાન 10 ઑક્ટોબરે દિલ્હીમાં રમેશ નગરની એક દુકાનમાંથી 208 કિલો માદક પદાર્થ પણ પકડાયો હતો. પૂછપરછમાં આ પદાર્થ ફાર્મા સૉલ્યુશન સર્વિસીઝ કંપનીનો છે અને ગુજરાતના અંકલેશ્વરના અવકાર ડ્રગ્સ લિમિટેડમાંથી આવ્યો હોવાનું સામે આવ્યું હતી.

---------------------------------------------------------------------

VIJDI PADTA MOT

ભરૂચ જીલ્લામાં વિજળી પડવાની બે અલગ અલગ ઘટનામાં ચારના મોત થયા છે. ભરૂચ તાલુકાના પાદરીયા ગામમાં વીજળી પડવાથી ત્રણ લોકોના મોત થયાં છે. પાદરીયા ગામમાં લારી પર ઉભેલા પાંચ લોકો પર વીજળી પડતા ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે બે ગંભીર રીતે દાઝી ગયા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. અન્ય એક ઘટનામાં હાસોટ તાલુકાના આલિયાબેટ ખાતે પણ માછીમારી કરવા ગયેલા ચાર આદિવાસી યુવકો પર વીજળી પડવાથી એક આદિવાસી યુવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે બે ગંભીર રીતે દાઝી જતાં તેઓને હાસોટ તાલુકાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને એક વ્યક્તિને સામાન્ય ઇજા પહોંચી છે.

અમરેલીના ધારીમાં કરમદડી ગામે મંદિર ઉપર વીજળી પડી હતી. સંધ્યાકાળે શિવમંદિર ઉપર વિજળી પડતા મંદિરને સામાન્ય નુકશાન થયું હતું, જોકે શિવલિંગને કોઇ નુકસાન થયુ ન હતુ.

---------------------------------------------------------------------

## RAIN OVER ALL

રાજ્યમાં ફરી પાછો વરસાદને વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. નવરાત્રીના અંતિમ દિવસોમાં શરૂ થયેલો વરસાદ કેટલાંક સ્થળોએ હજુ પણ યથાવત રહ્યો છે.

ગઇકાલથી સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં વરસાદ વરસી રહ્યો છે. ગત મોડી રાત્રે સુરેન્દ્રનગરના વઢવાણ, દસાડા, લખતર સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. આ વિસ્તારોમાં વીજળીના ગડગડાટ અને પવન સાથે તોફાની વરસાદ વરસતા જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. મોરબીમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. ઉપરવાસમાં સારા વરસાદના કારણે વરસાદી પાણી કોઝવે માં આવી જતા વાંકાનેર-રાજકોટ વચ્ચે વાહન વ્યવહાર બંધ કરાયો હતો. અગાઉ આસોઈ નદી પરના બ્રિજ પર ગાબડું પડતા બ્રિજ બંધ કરી કોઝવે માંથી વાહન પસાર કરવામાં આવતા હતા.

પાણીની વધતી આવકના પગલે મોરબીના મચ્છુ-2 ડેમનો એક દરવાજો બે ફૂટ પર ખોલવામાં આવ્યો હતો. ડેમ 100 ટકા ભરેલ હોઈ અને ઉપરવાસથી પાણીની આવક ચાલુ હોઈ ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો હતો. 1 હજાર 295 ક્યુસેક પાણીની આવક ચાલુ થતા એક દરવાજો ખોલી 1 હજાર 295 ક્યુસેક પાણીને નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

મોરબી તાલુકના જોધપર, લીલાપર, ભડીયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળિયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુળકા સહિત 29 ગામોને એલર્ટ કરવામાં આવ્યા. રાજકોટના ગોંડલમાં ભાદર ડેમ પૂર્ણ સપાટીએ ભરાઈ જતાં ડેમના 4 દરવાજા 0.6 મીટર ખોલવામાં આવ્યા છે. હાલ, વરસાદી પાણીની આવક ચાલુ છે. ભાદર ડેમ વિસ્તારના ખંભાલીડા, ભૂખી, ઉમરકોટ અને વડાસડા સહિતના ગામોના લોકોને નદીના પટ વિસ્તારમાં ન જવા સૂચના અપાઈ છે.

---------------------------------------------------------------------

## Van Bandhu Kalyan Yojana

વન બંધુ કલ્યાણ યોજના હેઠળ સહાય મળતા રાજયના આદિવાસી પરિવારો સ્વાવલંબી બન્યા છે.

છોટા ઉદેપુર જિલ્લાના નાના બોમડી ગામના ખેડૂતે આ યોજના હેઠળ 90% સહાય મેળવી છે. જેમાં બાગાયત વિભાગ દ્વારા આ ખેડૂતને નર્સરી બનાવવા માટે બે લાખ 67 હજાર 500ની સહાય મળતા તેણે વિવિધ પ્રકારના ધરું ઉછેર્યા છે.

આ વિષે વધુ માહિતી આપે છે લાભાર્થી કનૈયાભાઈ રાઠવા

BYT કનૈયાભાઈ રાઠવા

---

World E-Waste Management Day

આજે વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસ 'Retrieve, Recycle and Revive'ની વિષયવસ્તુ સાથે ઉજવાશે. ઇ-વેસ્ટમાં મુખ્યત્વે લેડ, મર્ક્યુરી અને કેડમિયમ જેવી અનેક પ્રકારની ઝેરી અને હાનિકારક ધાતુઓ હોય છે જે મોટા પ્રમાણમાં વાયુ, જળ અને જમીનમાં પ્રદૂષણ ફેલાવે છે. રાજ્યમાં કુલ 40 જેટલા અધિકૃત ઈ-વેસ્ટ રિસાઇકલ કરનાર સંસ્થા છે જેની કુલ ક્ષમતા 1.91 લાખ મેટ્રિક ટન પ્રતિ વર્ષ છે. રાજ્યમાં છેલ્લા 3 વર્ષમાં એક લાખથી વધુ મેટ્રિક ટન ઇ-વેસ્ટ એકત્ર કરાયું છે. આ ઈ-વેસ્ટમાંથી મળતા આર્યન, કોપર વગેરે કિંમતી ધાતુઓનો ફરીથી નવી ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વસ્તુઓ બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે,વર્ષ 2018થી વૈશ્વિક સંસ્થા "વેસ્ટ ફ્રોમ ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ ફોરમ" દ્વારા દર વર્ષે 14મી ઓક્ટોબરે 'વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

---

cm raod repair granted

રાજ્યસરકારે રાજ્યમાં રસ્તાઓના બાંધકામમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરી ટકાઉ માર્ગોના નિર્માણ સાથે પર્યાવરણ સુધારણા અંગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 104.96 કિલોમીટર લંબાઇના કુલ 13 રસ્તાઓની મરામત માટે 112.50 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ ઉપરાંત ચોમાસામાં ઓવરટોપીંગ થતું હોય તેવા 93.33 કિલોમીટર લંબાઇના માર્ગો સી.સી. રોડના બનાવવા માટે 300.57 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

---

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

---

Mahisagar Bal Seva Kendra

મહીસાગર જિલ્લાના કડડાં ખાતે આવેલા બાલ સેવા કેન્દ્રમાં કુપોષિત બડકો ને સૂક્ષ્મ પોષક તત્વો અને દવાઓ ઉપરાંત જરૂરી આહાર આપવામાં આવે છે આ કેન્દ્રમાં કુપોષિત અને અતિ કુપોષિત બડકો ને 14 દિવસ સુધી રાખી તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે

આ વિષે વધુ માહિતી આપતા સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. એસ. સી. ઢાંકાએ આ મુજબ જણાવ્યું.

બાઇટ ડૉ એસ સી ઢાંકા

----------------------------------------------------------------------

vikas saptah- cm lokarparn

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત 2 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ વિકાસકાર્યોમાં પાણી પુરવઠા વિભાગના 13, શહેરી વિકાસ વિભાગના 11, માર્ગ અને મકાન વિભાગના 5, ગૃહ વિભાગના 3 અને જળ સંપત્તિ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના 1-1 વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

----------------------------------------------------------------------

vikas saptah- DIST.

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમૂર્હુત સહિતના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ભાવનગર ખાતે કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયા અને રાજ્ય કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગઈકાલે ભાવનગર શહેર અને જિલ્લાના ૧૨૩.૭૨ કરોડ રૂપિયાના ૧ હજાર ૧૫૬ કામોના વિવિધ જનસુખાકારીના પ્રકલ્પોનું લોકાર્પણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં બોટાદ જિલ્લાના 44 કરોડથી વધુની રકમના 748 કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત પણ કરાયું હતું. બોટાદ જિલ્લાને નવી ત્રણ એબ્યુલન્સ પણ ફાળવવામાં આવી.

અમારા મોરબીના પ્રતિનિધિ જણાવે છે કે  વાંકાનેરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે  કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે શ્રી બાવળીયાએ જણાવ્યું  કે ગ્રાહકોની સુરક્ષા માટે સરકાર દ્વારા વર્ષે ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં ગ્રાહક સુરક્ષા હેલ્પલાઇન દ્વારા ૨૨૦૦ જેટલી ફરિયાદોનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. ગ્રાહકની સુરક્ષા માટે હાલ ગુજરાત રાજ્યમાં ૫૩ ગ્રાહક સુરક્ષા મંડળ કાર્યરત છે, હજુ વધુ મંડળ બનાવવા સરકાર પ્રયત્નશીલ છે.

બીજી તરફ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ રાજકોટ દ્વારા લોધિકા ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ જણાવે છે કે વિકાસ સપ્તાહ અંતર્ગત શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોનો પ્રવાસ કરી વિકાસ કર્યો વિશે અવગત થયા હતા.

---------------------------------------------------------------

NARADA RAVAN DAHAN

રાજપીપલામા દશેરાના બીજે દિવસે અગિયારસે રાવણ દહન થયું હતું. સમગ્ર દેશમા રાવણ દહન દશેરાના દિવસ થાય છે પણ એકમાત્ર રાજપીપળામા દશેરાના બીજે દિવસે અગીયારસને દિવસે રાવણનું દહન થયું હતુ. વરસતા વરસાદમાં નગરમાં 17 ફૂટ ઊંચાં રાવણના પૂતળાની ટ્રોલીમાં શોભાયાત્રા યોજાઇ હતી. રાજપીપલામાં કાછીયાવાડ વિસ્તારમાથી દર વર્ષે રાવણની શોભાયાત્રા નીકળે છે અને રાવણના પૂતળાનુ દહન થાય છે.

એવી માન્યતા છે કે રામે રાવણનો વધ દશેરાના દિવસે કર્યો હતો. પણ હિન્દૂ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે રાત્રે અગ્નિદાહ આપી શકાય નહીં તેથી બીજે દિવસે એટલે કે અગિયારસના દિવસે અગ્નિદાહ અપાયો હતો જેને કારણે રાજપીપળામાં રાવણ દહન અગિયારસના દિવસે કરવાની પ્રથા છે.

---